# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ મુખપત્ર

અંક – ૮૦ : એપ્રિલ – જુન ૨૦૨૨

## તંત્રીસ્થાનેથી . . .


**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જ્યંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી નિલેશભાઈ શુક્લા
૭. શ્રી મધુભાઈ મહેતા
૮. શ્રી કુંજલભાઈ પટેલ
૯. શ્રી રોહિતભાઈ પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર!

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના (આઈ.આર.એફ) આ ત્રિમાસિક મુખપત્ર દ્વારા આપ સૌને સંસ્થા દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓથી માહિતગાર કરવાનો મોકો મળતા હું આનંદની લાગણી અનુભવુ છું.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન હવે (IFKF) આંતરરાષ્ટ્રીય ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશનનું એક સભ્ય બની ગયું છે વિશ્વભરમાં કિડનીના ક્ષેત્રમાં કાર્ય કરતી બીજી સંસ્થાઓ પણ IFKF સાથે સભ્ય તરીકે જોડાઇ છે. IFKF સંસ્થા દ્વારા દર મહિને ન્યુઝલેટર પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેમાં સભ્ય તરીકે જોડાયેલ સંસ્થાઓએ કરેલ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ ન્યુઝલેટરમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કરેલ પ્રવૃત્તિઓને પણ સ્થાન આપવામાં આવે છે. જે અમારા માટે ગર્વની વાત છે.

**'સ્વસ્થ કિડની દરેક વ્યક્તિ માટે – કિડનીની સારી રીતે સંભાળ અને તેના વિષેની અજ્ઞાનતાને દૂર કરવી'** જે વિશ્વ કિડની દિવસના આયોજકો દ્વારા વર્ષ ૨૦૨૨ માટે આપવામાં આવેલી થીમ છે. જનજાગૃતિ કાર્યક્રમો એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે, જે હાલમાં ગુજરાત રાજ્યના દરેક વિસ્તારોમાં અવિરતપણે ચાલી રહી છે. કિડની નિષ્ફળતા એ એક શાંત અને જીવલેણ રોગ છે, આથી સ્વસ્થ જીવન માટે સ્વસ્થ કિડની રાખવાના મહત્વ વિશે સમાજને શિક્ષિત કરવાની અમારી જવાબદારી છે.

સંસ્થા દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં આયોજિત કરવામાં આવતા નિદાન કેમ્પમાં લોકોને જોડીને વહેલુ નિદાન કરીને સમયસર સારવાર લેવા માટે માર્ગદર્શન આપીને તેઓને એક સ્વસ્થ અને બહેતર જીવન તરફ દોરી જવામાં અમે મદદરૂપ થયા છીએ. આગામી દિવસોમાં અમારુ લક્ષ્ય અમારી પ્રવૃતિઓનો વ્યાપ વધારીને વિશ્વ કિડની દિવસની આ થીમને ખરા અર્થમાં સાર્થક કરવાનું રહશે.

આ ત્રિમાસિક સમયગાળામાં અમે ગ્રામ્ય વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત કરીને સમગ્ર ગુજરાત રાજ્યના મોટાભાગના જિલ્લાઓને આવરી લીધા છે. ગ્રામીણ વિસ્તારોમાં કિડનીના રોગ અંગે જાગૃતિ લાવવા સંસ્થા દ્વારા ૯૮ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૪૯ નિદાન કેમ્પનું (બીપી, સુગર અને ક્રિએટીનાઇન) આયોજન કરવામાં આવ્યું હતું.

અહિયાં એક નોંધ લેવી ખૂબ જ જરૂરી છે કે રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડના સહયોગથી કચ્છ-ભુજ જિલ્લાના અંજાર તાલુકાના ૧૧ ગામોમાં જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પનું આયોજન કરીને કુલ ૧૧૯૫ લોકોની તપાસ કરવામાં આવી હતી. હુ અન્ય કંપનીઓને પણ અપીલ કરીશ કે તેઓ આ અભિયાનમાં અમને સહયોગ કરે અને એક સ્વસ્થ સમાજ બનાવવામાં પોતાનું યોગદાન આપે.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે ભારતીય સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી સંસ્થાને એમ્બ્યુલન્સ વાનનું દાન આપવામાં આવ્યું છે. આ એમ્બ્યુલન્સ વાનનો ઉપયોગ ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરમાં સારવાર અર્થે આવતા દર્દીઓના પરિવહન માટે તેમજ આજુબાજુના ગામડાઓમાં નિદાન કેમ્પ અને કિડની જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવા માટે થશે.

'પ્રેરણા' કાર્યક્રમ જે સંસ્થા દ્વારા કિડનીના દર્દીઓના પુનઃર્વસન માટે ચલાવવામાં આવે છે જે કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને મોકુફ રાખવામાં આવ્યા હતા જે હવે દરેક ચેપ્ટરમાં દર બે મહિને નિયમિતપણે કરવામાં આવે છે.

અમારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંર્તગત આ સમય દરમિયાન જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને હિમોડાયાલિસીસ કીટ, કિડની ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ અને AV Fistula ઓપરેશન માટે આપ સૌના ઉદાર સહયોગ થકી રૂ. ૩,૪૨,૬૭૭/- ની સહાય કરવામાં આવી.

અમે બધા જ દાતાઓનો આભાર માનીએ છીએ જેમના અતુલ્ય સહયોગથી સંસ્થા પોતાનો હેતુ સિદ્ધ કરવામાં સફળ રહી છે.

શુભેચ્છાઓ સહ,

ત્રિલોક પરીખ

**ત્રિલોકભાઈ પરીખ**

**ચેરમેન**

## લોકજાગૃતિ થકી રોકથામ

મોટાભાગના લોકો કિડની વિષે બહુ ઓછુ જાણતા હોય છે. મનુષ્ય પાસે શરીરના અન્ય અંગોનુ જેટલુ જ્ઞાન છે તેટલુ જ્ઞાન કિડની જેવા મહત્વના અંગ વિષે નથી. સંસ્થા લોકજાગૃતિ કાર્યક્રમો તેમજ નિદાન કેમ્પો યોજીને લોકોને સાચી માહિતી અને માર્ગદર્શન આપીને સમયાંતરે ચેકઅપ કરાવવા માટે પ્રોત્સાહિત કરીને કિડનીના રોગને આગળ વધતો અટકાવા માટે રોકથામનું કાર્ય કરી રહી છે.

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક



આઈ. ટી. આઈ., બારડોલી



સરદારનગર મહિલા મંડળ, વડોદરા



ખેડૂત તાલીમ કેન્દ્ર, વિસનગર



રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડ, કચ્છ–ભુજ યુનિટ



આઈ. ટી. આઈ., ગોંડલ



એમ. બી . કર્ણાવત કોલેજ, પાલનપુર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશોષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનિશ આડેસરા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ



અરવિંદ મણિયાર હૉલ, રાજકોટ



છત્રાલ ગામ તા. કલોલ, જી ગાંધીનગર



પાનસર ગામ તા. કલોલ, જી. ગાંધીનગર



રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડ, કચ્છ–ભુજ યુનિટ




માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત




અખંડ જ્યોત ફાઉન્ડેશન, અમદાવાદ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદિપભાઈ શેઠ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

# ભારતીય સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સંસ્થાને એમ્બ્યુલન્સ વાનનું દાન.

તારીખ ૮ જૂનના રોજ એસ.બી.આઈ બેન્ક, વહીવટી શાખા ગાંધીનગર સેક્ટર-૧૦ દ્વારા CSR પ્રોજેક્ટ અંર્તગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને એમ્બ્યુલન્સ વાનનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી ત્રિલોકભાઈ પરીખ, સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ શ્રી પી.કે. લહેરી સાહેબ અને શ્રી ભરતભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. Shri Amritesh Mohan (General Manager, SBI Bank) ના હસ્તે આ એમ્બ્યુલન્સ વાન ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને સોંપવામાં આવી હતી. આ વાનનો ઉપયોગ ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરમાં સારવાર અર્થે આવતા દર્દી મિત્રોના પરિવહન અને આજુબાજુના વિસ્તારોમાં કિડની જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પ કરવા માટે થશે.






# ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડ, કચ્છ-ભુજ અને ભીમાસર PHC ના સયુંકત ઉપક્રમે અંજાર તાલુકાના ૧૧ ગામોમાં કરવામાં આવેલ કિડની જાગૃતિ કાર્યક્રમ અને નિદાન કેમ્પ.

તારીખ ૧ થી ૧૩ મે દરમિયાન કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના ભીમાસર PHC (Primary Health Centre) અંર્તગત આવતા કુલ ૧૧ ગામના નાગરિકો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ અને બીપી, ડાયાબિટીસ અને ECG તપાસ કેમ્પનું આયોજન થયું હતું જેનો ૧૧૯૫ નાગરિકોએ લાભ લીધો હતો. આ ગામોમાં ભિમાસર, શાંતિધામ કોલોની, વરસામેડી, અજાપર, વરસોડા, ટપ્પર, પશુડા જેવા ગામોનો સમાવેશ થાય છે.



દિવ્ય ભાસ્કર — કચ્છ ભાસ્કર 05-05-2022

**ભીમાસર (ચ.) ખાતે તબીબી પરીક્ષણ કેમ્પમાં વિવિધ રોગોની તપાસ કરાઇ**

અંજાર | ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભીમાસર દ્વારા કિડનીના રોગ વિશે જાગૃતિ લાવવાના અભિયાન અંતર્ગત ભીમાસર PHCમાં આવતા કુલ આઠ ગામના નાગરિકો માટે વિના મૂલ્યે કિડની જાગૃતિ કાર્યક્રમ તેમજ બીપી, ડાયાબિટીસ અને કિડની માટેના તબીબી પરીક્ષણ માટેના કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને અંજાર તાલુકાના હેલ્થ ઓફિસર ડો. અંજારિયા તેમજ ખાનગી કંપનીના ભીમાસર યુનિટના અધિકારી જગતભાઈ કિનખાબવાળા અને સુરેશભાઈ અગ્રવાલની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો .આ કેમ્પ 15 તારીખ સુધી ભીમાસર phcમાં આવતા કુલ આઠ ગામમાં સવારે 9થી 12 વાગ્યા સુધી ચાલશે.

પ્રેસનોટ



પશુડા ગામ



ભીમાસર ગામ



વરસામેડી ગામ

**સંસ્થાના ભાવનગર ચેપ્ટર દ્વારા ભાવનગર શહેરમાં નીકળતી રાજ્યની બીજા નંબરની સૌથી મોટી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં લોકોને કિડની વિષે જાગૃત કરવા માટે પોસ્ટર પદર્શન અને કિડની જાગૃતિ વિષે માહિતી આપતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું.**





## પ્રેરણા

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

ક્રોનિક કિડની રોગ (CKD) એ મનુષ્યની શારીરિક કાર્યક્ષમતા પર અસર કરે છે તેથી વ્યક્તિની જીવનની ગુણવત્તા નબળી પડતી જાય છે, જે કોઈપણ વયના વ્યક્તિને જોવા મળી શકે છે. કિડનીના દર્દીઓની જીવનની ગુણવત્તા સુધારવા પુનઃર્વસન એ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન આવા દર્દી મિત્રો માટે 'પ્રેરણા' કાર્યક્રમ અંર્તગત ઓક્ટોબર ૨૦૦૨ થી વિવિધ પુનઃર્વસનની પ્રવૃત્તિઓ કરે છે.

### અમદાવાદ

અમદાવાદ ચેપ્ટરના પ્રેરણા સભ્યો માટે ૨૩ એપ્રિલના રોજ સદ્વિચાર પરિવાર, સેટેલાઈટ, અમદાવાદ ખાતે પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડો. ઉમેશભાઈ ગોધાણીને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે હિમોડાયાલિસીસની અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર દરમિયાન કિડનીના દર્દીઓને પડતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ વિશે ચર્ચા કરીને પ્રેરણા સભ્યોને મુંજવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા આ કાર્યક્રમમાં ૬૪ પ્રેરણાના સભ્યોએ તેમના સંબંધીઓ સાથે ભાગ લીધો હતો.



પ્રેરણા કાર્યક્રમ, અમદાવાદ



પ્રેરણા કાર્યક્રમ, રાજકોટ

### રાજકોટ

૧૦ એપ્રિલના દિવસે રાજકોટ ચેપ્ટર ખાતે પ્રેરણા કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા તબીબશ્રીઓ ડો. પ્રતિક આલમાણી, ડો. ધૃતિ આલમાણી અને ડો. વૃક્ષાબેન મહેતા ઉપસ્થિત રહીને પ્રેરણા સભ્યોને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર વિષે મુંજવતા પ્રશ્નો અને સમસ્યા વિષે તેમજ કિડનીના અન્ય રોગોથી પીડાતા દર્દીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## વડોદરા

આ સમય દરમિયાન વડોદરા ચેપ્ટરના પ્રેરણા મિત્રો માટે ૫ જૂનના રોજ રોટરી કલબ, જૂના પાદરા રોડ, વડોદરા ખાતે પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. રાજેન્દ્રભાઈ હાથી, એક હાસ્યલેખકને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે રમૂજી પ્રસંગો અને જોક્સ રજૂ કરીને પ્રેરણા સભ્યોનું મનોરંજન કરાવ્યું હતું.




પ્રેરણા કાર્યક્રમ, વડોદરા



પ્રેરણા કાર્યક્રમ, સૂરત

## સુરત

૨૩ એપ્રિલના રોજ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ખાતે સુરત ચેપ્ટર દ્વારા પ્રેરણા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સુરત શહેરના જાણીતા કિડનીના નિષ્ણાત ડો. દિપક તમાકુવાલાને (નેફ્રોલોજીસ્ટ) મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ કિડનીના દર્દીઓને લેવી પડતી સારવાર અને તે દરમિયાન રાખવી પડતી કાળજી વિષે વિસ્તૃત માહિતી આપીને પ્રેરણા સભ્યોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. સુરત ચેપ્ટરના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી ડો.પ્રફુલભાઈ શિરોયા પણ આ ખાસ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરણા સભ્યોને કેડેવર ઓર્ગન ડોનેશન (મગજના મૃત્યુ બાદ થતુ અંગદાન) વિષે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમાં આશાપુરા મંદિર ટ્રસ્ટ, સુરત દ્વારા પ્રેરણા સભ્યો માટે અલ્પાહાર સ્પોન્સર કરવામાં આવ્યો હતો તે બદલ અમે તેમના આભારી છીએ.

Save a life
Sponsoring Renal Treatment

સંસ્થા દ્વારા ચાલતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમનો લાભ લેતા દર્દીમિત્રોની વાંચા



શાંતાબેન પ્રજાપતિ

૬૦ વર્ષીય શાંતાબેન પ્રજાપતિ નવાગામ તા. હિંમતનગર જી. સાબરકાંઠાના વતની છે તેઓ એક સંયુક્ત પરિવારમાં રહે છે શાંતાબેનને ત્રણ દીકરા છે જેમાં બે દીકરા રિક્ષા ચલાવે છે જ્યારે એક દીકરો RO રિપેરિંગનું કામ કરે છે.

શાંતબેનના કહેવા પ્રમાણે તેમણે અસહ્ય શરીરનો દુખવાઓ રહ્યા કરતો હતો જેથી તેઓ દુખાવો દૂર કરવાની પેનકીલર ટેબલેટ ડાયક્લો પ્લસ લેતા હતા ડિસેમ્બર-૨૦૨૧ માં આ દવાની આડ અસર તેમની કિડની પર થતાં તેમણે સખત તાવ સાથે વોમીટ થવા લાગી અને આખા શરીર પર સોજા આવી ગયા જેથી પરિવારના સભ્યોએ તેમણે હિંમતનગર ખાતે કિડની કેર હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં તેમના કેટલાક તબીબી પરીક્ષણો કરાવ્યા બાદ હોસ્પિટલમાં ફરજ બજાવતા યુરોલોજીસ્ટ ડોક્ટર દ્વારા તેમનું ક્રોનિક કિડની રોગનું નિદાન કરવામાં આવ્યું.

આ દરમિયાન શાંતાબેનની શારીરિક પરિસ્થિતિ ખૂબ જ નબળી પડી ગઈ હોવાથી શરુઆતમાં પ્રાથમિક ધોરણે કેથેટરની મદદથી ડાયાલિસીસની સારવાર શરૂ કરવામાં આવી.

પરંતુ કેથેટરની મદદથી લાંબો સમય સુધી ડાયાલિસીસ કરવું શક્ય ન હોવાથી ડોક્ટરે વહેલી તકે AV Fistula સર્જરી કરવાની સલાહ આપી.

ડાયાલિસીસની સારવાર શરૂ કરતાં પહેલા સૌ પ્રથમ લોહીને વધારે જથ્થામાં બહારનિકાળવા માટે ધમની અને શિરાને જોડીને AV Fistula નું ઓપરેશન કરવું જરુરી છે

શાંતબેન કહે છે કે મારા ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાથી AV Fistula ની સર્જરી કરવાની મુજવણ ખૂબ જ વધી ગઈ હતી એવામાં હિમતનગરમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરનો અમને ખૂબ જ ટેકો મળ્યો છે. મારી AV Fistula ની સર્જરીનો તમામ ખર્ચ સંસ્થાએ ઉઠાવ્યો હતો અને ત્યારબાદ આ સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરમાં મારી નિયમિત ડાયાલિસીસની સારવાર કરવામાં આવી રહી છે. સંસ્થા દ્વારા મારા જેવા ઘણા બધા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને દવાઓ અને સર્જરી માટે મદદ કરવામાં આવે છે ખરેખર સંસ્થા દ્વારા આપાતી આ મદદ મારા જેવા લોકો માટે એક વરદાનરૂપ છે.

## એસબીઆઇ શાખા ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશનને એમ્બુલન્સનું દાન અપાયું



ગાંધીનગર ભાસ્કર | એસબીઆઇ બેંક વહીવટી શાખા ગાંધીનગર સેક્ટર-10 દ્વારા બેંકના CSR પ્રોજેક્ટ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને એમ્બુલન્સ વાનનું દાન આપવામાં આવ્યું હતું. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) સંસ્થા દ્વારા કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ત્રિલોકભાઈ પરીખ એમ્બુલન્સ વાનનો ઉપયોગ જિલ્લા સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે ડાયાલિસીસ સેન્ટરમા સારવાર અર્થે આવતા કિડનીના દર્દીઓ માટે કરવામાં આવશે.

WEDNESDAY, 4•05•2022

### તસવીર સંદેશ

## વરસામેડી ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



વરસામેડી ખાતે આવેલ શાંતિધામમાં ભીમાસર પીએચસી અને રત્નમણિ કંપની તથા રેનલ ફાઉન્ડેશન ગ્રુપ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો. બ્લડ ગ્રુપ, બીપી, ડાયાબિટીસ અને હૃદયનો કાર્યક્રમ તથા ગાયનેક ડોક્ટર દ્વારા એએનસી ચેકઅપ કરવામાં આવ્યું હતું અને જરૂરી સલાહ સૂચન અને દવાઓ પણ આપવામાં આવી હતી.

## ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન દ્વારા રાશનકીટ અપાશે

### દર્દીનું આધારકાર્ડ સાથેનું નામ મોકલવાનું રહેશે

ભાવનગર : ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા કિડની ફેલિયોર અને ડાયાલીસીસથી પીડાતા જરૂરિયાતમંદ દર્દીઓને રાશન કીટનું વિતરણ કરાશે. (૮૫૧૧૧૧૪૨૫૭) વોટ્સએપ નંબર ઉપર ડોક્યુમેન્ટ મોકલી આપવા. એક પરિવારમાં એક જ વ્યક્તિને કીટ આપવામાં આવશે. દર્દીનું આધારકાર્ડ પ્રમાણે આખું નામ, દર્દીના આધારકાર્ડની કોપી, દર્દીના રેશનકાર્ડની કોપી, મોબાઈલ નંબર, દર્દીની ઉંમર વગેરે વિગતો વોટ્સએપમાં મોકલવી.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા

## કિડનીના જરૂરિયાત મંદ દર્દીઓને અનાજ કીટનું વિતરણ કરાયું



ભાવનગર તા.૦૨

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને સામાજિક સંસ્થા છે અને સમાજમાં કિડનીના રોગો ન થાય તેની જાગૃતતા માટે અને આર્થિક રીતે નબળા દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી ગુજરાત ભરમાં શ્રી ત્રિલોક ભાઈ પરીખ અને જયેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં કાર્ય કરી રહી છે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભાવનગર અને અક્ષય પાત્ર ફાઉન્ડેશન ના સહયોગથી ભાવનગર ખાતે અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું . આ વિતરણમાં સુમિત ભાઈ ઠક્કર તથા મિલનભાઈ દવે , વર્ષાબેન બાલાણી રોહિતભાઈ ભંડેરી સંદીપભાઈ ઉપસ્થિત રહ્યા હતા

### સમાચાર

## પાનસરમાં નિદાન કેમ્પનું આયોજન



ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પાનસર ખાતે યોજાયેલા કેમ્પમાં ડાયાબિટીસ, બીપી તથા અન્ય રોગોની તપાસ કરીને કીડનીના રોગો વિશે માહિતી આપતી પુસ્તિકા ગ્રામજનોને આપી જાગૃત કરવામાં આવ્યા હતા.

### ગુજરાત છાયા

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ડાયાબીટીસ બીપી અને કીડની માટેનો કેમ્પ યોજાયો





ગુજરાત છાયા, ભાવનગર, તા.૦૮

[illegible]

## તસવીર સમાચાર



ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ લિમિટેડ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભીમાસર દ્વારા પીએસસીમાં આવતા આઠ ગામના નાગરિકો માટે વિનામૂલ્યે કિડની જાગૃતિ કમર્ગક્રમ તેમજ બીપી, ડાયાબીટીસ અને કિડની માટેના તબીબી પરિક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પ તા. ૧૫ સુધી સવારે ૯ થી૧૨ ચાલશે.

## સ્થાનિક સલાહકાર સમિતિ ગીર–સોમનાથ

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો.શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

## આ સમયગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

Save a life
Sponsoring Renal Treatment

કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/- |
| નારાયણ પાવરટેક પ્રા. લિ., વડોદરા | રૂ. ૯૦,૦૦૦/- |

આજીવન સભ્યપદ (રૂ. ૫,૦૦૦/-)

શ્રી ભરતભાઈ આર. મોદી, અમદાવાદ

શ્રી નિરલભાઈ બી. મોદી, અમદાવાદ

શ્રી આદિત્યભાઈ બી. મોદી, અમદાવાદ

### ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૪. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૫. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૬. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન 80 G હેઠળ 50% કર રાહતને પાત્ર છે

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૬, શપથ-૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪

વડોદરા: ૯૨૨૭૧-૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯-૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૨૭૨-૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧-૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧-૧૪૨૫૭ • ભૂજ: ૮૫૧૧૧-૪૮૨૨૮ • હિંમતનગર: ૬૩૫૪૯-૧૭૬૬૭

e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G